ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

# સોરઠી ધર્મ સંપ્રદાય અને પંથ પરંપરા

ડો.જલ્પાબેન ડી. ડાભી

પ્રાચીન કાળથી ગુજરાત ખુબ જ સમૃધ્ધ, સુસંસ્કૃત અને સુંદર પ્રદેશ છે. અહીંની સમૃધ્ધિ સંસ્કૃતિ અને સુંદરતાએ અનેક પ્રજાને આકર્ષિ છે. તેથી અહીં અનેક પ્રજાના કુળ અને મૂળ જોવા મળે છે. અને સાથે સાથે તેમના ધર્મ, પંથ અને સંપ્રદાયની પણ આગવી ઓળખ આપે છે. અહીંના લોકજિવનમાં અનેક ધર્મ, પંથ અને સંપ્રદાયની અસર છે. ગુજરાત પ્રદેશની સભ્યતા અને સંસ્કૃતિમાંથી લોક સંસ્કારોનુ ઘડતર થતુ આવ્યુ છે. જુદા જુદા ધર્મ સંપ્રદાયમાં અનેક સંત, ભકત, જ્ઞાની, યોગી અને બ્રહમચારી, સન્યાંસી, સિધ્ધ ઉપદેશકો ધ્વારા ગુજરાત પ્રદેશમાં હિન્દુ, મુસ્લિમ, જૈન, બૌધ્ધ, શિખ, ઈસાઈ વિગેરે ધર્મના ફાટાઓ ચો તરફ ફેલાયેલા જોવા મળે છે. તેની શાખાઓ, પ્ર-શાખાઓ ગણી ગણાઈ નહી એટલી છે. છતા વૈષ્ણવ, શૈવ, શાકત, અને સામંત એ ચાર મુખ્ય શાખાઓમાંથી અનેક ડાળીઓ ફુટી છે.

આપણાં લોક જિવનમાં અનેક ધર્મો છે. આ વિવિધ ધર્મોમાં વિવિધ પંથો, સંપ્રદાયો અને તેની પરંપરા જોવા મળે છે. જેમાં મહાપંથ, નાથપંથ, રવિ ભાણ સંપ્રદાય, કાપડી સંપ્રદાય સ્વામી નારાયણ સંપ્રદાય, નિરાત સંપ્રદાય, સૂફી સંપ્રદાય આવા અનેક પંથો અને તેની વિવિધ પરંપરાઓ છે. આ પરંપરાની વિસ્તૃત માહિતી અને જાણકારી આપણે આ સંત સાહિત્યમાં જોઈ શકીએ છીએ. સંત સાહિત્યના સર્જનમાં આ પંથની ઉત્પતી થી આજ સુધીની કથા વર્ણવાય છે. આમ સંત સાહિત્યના વિવિધ પંથો અને તેની પરંપરાની વિસ્તૃત માહિતી મળે છે. જેના ધ્વારા તે પંથના વિધિ વિધાન, ગુરૂ પરંપરા તેના ઈતિહાસથી માંડી આજ સુધીના ગાદીપતિની વિગતો મળે છે. આ સંપ્રદાયો અને પંથ પરંપરાની માહિતી આપણે નીચે મુજબ મેળવી શકીએ.

- **શૈવ સંપ્રદાય:-**

શૈવ સંપ્રદાય ભારતનો સૌથી પ્રાચિન સંપ્રદાય છે. આ સંપ્રદાયમાં શિવની ઉપાસના કરવામાં આવે છે. શિવ સુસ્ટ્રીના આધ્યપુરૂષ ગણાય છે. આ સંપ્રદાયમાં શિવની આરાધના કરનાર સિધ્ધો, સાધકો અને સંસારીઓ પણ છે. આ સંપ્રદાય ઘણો પ્રાચિન હોવાથી અનેક ધર્મોમાં ફેલાયેલો છે. આમ છતા શિવની પુજા અર્ચના કેન્દ્રમાં રહે છે. ઈ.સ. પૂર્વે બીજી સદીમાં પતંજલીના "મહાભાષ્ય" પરથી જણાય છે કે, શિવના ઉપાસકો "શિવ ભાગવત" કહેવાતા તેઓ શિવની મૂર્તિ પુજા કરતા. આ સમયમાં ભારતમાં આવી વસેલા ગ્રીકો, પહલવ, શકો, કુસાણો વિગેરે વિદેશીઓએ "માહેશ્વર" ધર્મ અપનાવ્યો. ઈ.સ.ની ત્રીજી સદી સુધીમાં શૈવ સંપ્રદાય દક્ષિણમાં છેક મદુરા સુધી પ્રસાર પામેલો

જોવા મળે છે. પહેલી સદીથી રાજાઓ પણ પોતાને શિવ ભકત તરીકે ઓળખાવા લાગ્યા. દરેક યુગમાં ભારતમાં શૈવ સંપ્રદાય ફેલાતો રહયો.અનેક સાધુ, સંતો આ સંપ્રદાયમાં થયા. બાર જયોતર્િલીંગો આખા દેશમાં ફેલાયેલા શૈવ સંપ્રદાયનું પ્રમાણ છે.

"શૈવ સિધ્ધાંત પ્રમાણે પશુએ પાસમાંથી મુકત થવા પ્રયત્ન કરવો જોઈએ. જિવાત્માં વસ્તુત: શિવ સ્વરૂપ છે. પણ પાસથી બંધાયેલો હોવાથી તેને પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થતુ નથી. તેને પાસ મુકત થવા માટે સાધના કરવી જોઈએ. આ સાધનાના ચાર પદ (અંગ) છે. વિધા પાદ, ક્રિયા પાદ, યોગ પાદ, ચયર્ા પાદ ચોથા પાદ ચર્યા ધ્વારા મહેશ્વરને પામી શકાય છે. જેમાં "વ્રત અને ધ્વાર" નામના બે પ્રકાર છે. ભસ્મ સ્નાન, ભસ્મ સયન, ઉપહાર, જય અને પ્રદક્ષિણા એ પાંચ વ્રત છે. આ ઉપરાંત પેટા પ્રકારો પ્રમાણે જુદા જુદા સિધ્ધાંતો અને સાધના પધ્ધતિઓ આ છે. જેના સાત પ્રકારો આ પ્રમાણે છે. દંડી અને દશનામી, કાનખટા જોગીઓ, લીંગાયક, પરમહંસ, અઘોરી, ઉધ્વબાહુ, નાગા સાધુ"૧

આ ઉપરાંત પણ શૈવ સંપ્રદાયના કેટલાક પેટા વિભાગો પડયા છે. આ સર્વમાં શૈવ સંપ્રદાયના મુખ્ય સિધ્ધાંતો જ્ઞાન યોગ અને ધ્યાન પર વિશેષ ભાર મુકે છે. દેહ દમન કરી ઈન્દ્રીયોને કાબુમાં રાખી બ્રહમ પર જ લક્ષય કેન્દ્રીત કરે છે. સંસારથી વિરકત રહેવાનો વિશેષ સ્વીકારે છે. સુષ્ટિના આધ્યપુરૂષ સર્જનહાર, ભોળાનાથ મહાશંભુ શિવની પ્રાર્થના, અર્ચના, આરાધના કરે છે.

VIDHYAYANA

- **સાકત સંપ્રદાય:-**

સાકત સંપ્રદાયમાં દેવી પુજા, શકિત પુજા કેન્દ્ર સ્થાને છે. માતાની આરાધના, અર્ચના ખુબ જ પ્રાચિન છે. શૈવ સંપ્રદાય જેમ શિવની ઉપાસનાથી શરૂ થયેલો તેમ સાકત સંપ્રદાય માતા પાર્વતીની ઉપાસનાથી શરૂ થયેલ છે. અને પાર્વતી એટલે શકિત પછીથી તેમાં અનેક ઐશ્વર શકિતની ઉપાસના શરૂ થયેલ. અને સાકત સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યુ. સાકત સંપ્રદાયની શરૂઆત કયારે થઈ તે ચોકકસ કહેવુ મુશ્કેલ છે. આમ છતા પ્રાચિન કાળથી માણસ પ્રકૃતિથી કોઈ ને કોઈ શકિતની આરાધના કરતો રહયો છે. વૈદિક ધર્મમાં દેવી અથવા શકિતની ઉપાસના ઉષા, વાક, શ્રધ્ધા, નદીઓ ઈત્યાદી રૂપે થઈ છે. કેટલાક સાકત ઉપનિષદો પણ  છે. કેન ઉપનિષદમાં ઉમા, હેમવતીનો ઉલ્લેખ છે. આ સંપ્રદાય ખુબ જ પ્રાચિન છે. ઉપનિષદ અને પુરાણોમાં શકિતની ઉપાસનાના અંશો જોવા

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

મળે છે. શકિત પંથના કોઈ આધ્યસ્થાપક નથી. પરંપરાથી ચાલ્યો આવતો પંથ છે. સમગ્ર ભારતના અને અર્વાચીન સમયમાં પણ શકિતના અનેક મંદિરો બંધાયા છે.

સત્વ, રજસ અને તમસ એ ત્રણેય પ્રકૃતિ સ્વરૂપ તત્વોમાં સત્વ અને પરમશકિત સ્વરૂપે મનાય છે. "શકિત" શબ્દ "શક" ધાતુમાંથી બનેલો છે. ઈષ્ટ કાર્યો કરાવી શકે તેવા સામથ્ર્યને અથવા બળને શકિત કહે છે. શકિતવાદનો મુળ સબંધ જ્ઞાનમાર્ગ સાથે હોવાથી યોગ્ય જ્ઞાન મેળવી શકિતની ઉપાસના કરવાથી સાધક પરમ પદ પ્રાપ્ત કરી શકે છે. સાકત સંપ્રદાય યોગ માર્ગ સાથે પણ સબંધ ધરાવે છે. જેથી યોગિક ક્રિયાઓ ધ્વારા જ જ્ઞાન અને શકિતનો વિકાસ કરવામાં આવે છે. અને અંતે પરમ બ્રહમની પ્રાપ્તિ થાય છે. મોક્ષા મેળવી શકાય છે.

શકિતની ઉપાસનામાં મંત્ર, તંત્રનું પણ મહત્વ છે. મંત્ર શકિત ધ્વારા દેવી શકિતની આરાધના કરી મોક્ષા મેળવવામાં આવે છે. જયારે તંત્ર ધ્વારા શકિતની ઉપાસના કરવામાં આવે છે. મંત્ર ધ્વારા જે શકિત સ્વરૂપની ઉપાસના થાય તેને વિધા કહેવામાં આવે છે. આ વિધાના દશ પ્રકાર છે. અને દરેક એક બીજ મંત્ર છે. બીજ મંત્રનો ઉચ્ચાર ચોકકસ નિયમ પ્રમાણે કરવાનો હોય છે. મંત્રોચ્ચાર કોઈ અનુભવી પાસે શુધ્ધ સ્વરૂપે શીખવા પડે છે. આમ સાકત સંપ્રદાય શકિત ઉપાસનાનો અનેક પધ્ધતિઓ અને સિધ્ધાંતો છે.

VIDHYAYANA

- **જૈન ધર્મ:-**

ભારતીય સંસ્કૃતિની કેટલીક આગવી વિવિધતા છે. ધાર્મિક વિવિધતાના બે પ્રવાહો (૧) બ્રાહમણ પરંપરા અને (૨) શ્રમણ પરંપરા બંને અત્યંત પ્રાચિન છે. અને સમાંતર વહે છે. શ્રમણ પરંપરામાંથી જૈન ધર્મનો ઉદભવ થયો છે. જૈન ધર્મના અનુયાયીઓની માન્યતા પ્રમાણે મહાવિર ને ચોવીસમાં તીર્થકર માનવામાં આવે છે. તે પહેલા ત્રેવીસ તીર્થકરો થઈ ગયા. તીર્થકરનો અર્થ થાય છે. તારનાર માર્ગદર્શક પોતાના ઉપદેશ ધ્વારા સંસારના જિવોને સાચા રાહે દોરનાર તીર્થ એટલે ઓવારો નદીનો કિનારો જયાં વિશ્રામ લઈ શકાય તે જગ્યા શાસ્ત્રો અને ચારિત્રો ધ્વારા કિનારો રચનારને જૈન ધર્મમાં તીર્થકર કહેવાય છે. જૈન ધર્મમાં ચોવીસ તીર્થકરો થયા છે.

મહાવિર અને બુધ્ધ બંને સમકાલીન હતા એવુ માનવામાં આવે છે. આ સમયમાં જૈન "નિગ્રંથો અને બૌધ્ધ શ્રમણો'ની સાધુતા ઉગ્ર તપશ્ચર્યા અને નિસ્વાર્થ લોકહિત વૃતિ જોઈને અસંખ્ય લોકો તેમની તરફ આકર્ષાયા હતા. માનવ માત્રને સંમાન ગણવા અને સર્વ જિવો તરફ દયા રાખવી

એ સિધ્ધાંતો એ લોકોને વશ કર્યા જૈન ધર્મ પરંપરામાં નિગર્થ સંપ્રદાય તરીકે ઓળખાતો હતો. જૈન શબ્દ જિન પરથી બનેલો છે. (જિન એટલે જિતવુ એવો અર્થ થાય. એટલે કે જેણે મન, વાણી અને કાયા પર કાબુ મેળવ્યો છે તે) અને એમાંથી જૈન ધર્મનો ઉદભવ થયો છે.

પ્રાચિન ધર્મગ્રંથોના આધારે કહી શકાય છે કે જૈન ધર્મ વેદકાલ જેટલો પ્રાચિન છે. હડપ્પા અને મોહેં જો દડોની સંસ્કૃતિમાં પણ તેના અવશેષો મળ્યા હોવાનું મનાઈ છે. જૈન ધર્મના આધ્યતિર્થ પર રૂષભદેવ વિશેના ઉલ્લેખો વેદમાંથી મળે છે. જૈન ધર્મના આવા સમયાંતરે ચોવીસ તીર્થકર થયા ચોવીસમાં તીર્થકર મહાવીર સ્વામીએ જૈન ધર્મનો વિશેષ ફેલાવો કર્યો તેમનો સમય ઈ.સ. પૂર્વે છઠી સદી મનાઇ છે. મહાવીર સ્વામીથી જ જૈન ધર્મનો વિશેષ પ્રચાર, પ્રસાર થયો હોવાથી મહાવીરને ભગવાન તરીકે પુજવામાં આવે છે. મહાવીરના વિચારો જૈન ધર્મમાં સ્થાપિત થયા છે.

જૈન ધર્મ વ્યકિતના આચાર, વિચાર ઉપર વધારે ભાર મુકે છે. આ ધર્મની ઈમારત અહિસાની ઇંટ પર ઉભી છે. અહિસા પરમોધર્મ જૈન ધર્મનું મહત્વનું સુત્ર છે. શુધ્ધ આચાર ધ્વારા માનવ જિવન શુધ્ધ રાખવાનું આ ધર્મનું ધ્યેય છે. જૈન ધર્મમાં વ્રત અને ઉપવાસ ઉપર વધારે ભાર મુકવામાં આવેલ છે. આધ્યાત્મિક જિવન જિવવા માટે વ્રત પાલન જરૂરી છે એમ તેઓ માને છે. જૈન ધર્મના સાધુઓ અનુ અનુયાયીઓ કેટલાક વ્રતોનું અનુશીલન કરે છે. જેમાં અહિસાવ્રત, સત્યવ્રત, બ્રહમચર્યવ્રત વિગેરે. જૈન ધર્મમાં મુખ્ય બે સંપ્રદાયો છે. શ્વેતાંબર અને દિગંબર બીજી સદીમાં ભદ્રબાહુ તેમના અનુયાયીઓ સાથે દક્ષિાણમાં ગયા. તે લોકો રૂઢીવાદી હોવાથી નગ્ન અવસ્થામાં જ રહેવુ જોઇએ એમ માનતા હોવાથી 'દિગંબર' કહેવાયા.

ટુંકમાં જૈન ધર્મ મનુષ્યની ધાર્મિક સ્વતંત્રતામાં માને છે. તેઓ કર્મને વધારે મહત્વ આપે છે. કર્મના ફળ દરેક મનુષ્યને ભોગવવા પડે છે. દરેક મનુષ્ય પોતાના કર્મો માટે જવાબદાર છે. તીર્થકરો મનુષ્યને પુર્ણતા મેળવવાનો માર્ગ બતાવે છે. સમ્પઠ દર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર્યને જે અનુસરે છે. તે જિવનમાં પુર્ણતાના માર્ગે પ્રયાણ કરે છે.

- **મહાપંથ:-**

ભકિત માર્ગમાં મહાપંથનું આગવુ નામ છે. સનાતન ધર્મ તરીકે ઓળખાતો આ પંથ આદિકાળથી ચાલ્યો આવતો હોવાનું કહેવાય છે. સનાતન એટલે શાશ્વત જે પરા પુર્વથી આદિકાળથી ચાલ્યો આવે છે. તે પહેલા હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ હશે. અનેક સંત,

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

ભકતો અને લોક સમુદાયે આ પંથને સ્વીકારીને તેની પરંપરા આજે પણ ટકાવી રાખી છે. અનેક પંથોમાં તેનો પ્રભાવ હોવાથી તેને મહાપંથ કહેવામાં આવે છે. આ મહાપંથને 'નિજિયા ધરમ', 'નિજાર પંથ', 'ધૂનો ધરમ', 'માર્ગ પંથ', 'મુળ ધરમ', 'પાટ પંથ', 'પીરાણા પંથ', 'ગુપ્ત ધરમ' વગેરે જુદા જુદા નામે ઓળખવામાં આવે છે. કારણ કે આ પંથમાં અજવાળી બીજના દિવસે પાટ પુજા રાખવામાં આવે છે. આ દિવસે આ પંથને વરેલા લોકો પાટ પુજા કરી ભજનવાણી ધ્વારા અલખની આરાધના કરે છે.

મહાપંથનો ઉદભવ કોઈ ચોકકસ માનવ ધ્વારા થયો નથી. પરંતુ નિરંજન જયોતિ સ્વરૂપ આધશિવ-શકિતની ઉપાસનાથી માંડીને આજે ઈશ્વરના છેલ્લા અંશાવતાર લોકનાયક રામદેવપીર સુધી તેની ઉપાસના બદલાતી આવી છે. છતા કેટલાક મુળ અંશો આજ સુધી જળવાયા છે. મહાપંથ વિશે વાત કરતા મકરંદ દવે નોંધે છે.

''મહામાર્ગના મૂળ બહુ ઉંડા છે એક રીતે હિન્દુ ધર્મની નાની આવૃતિ ગણી શકાય. નિરંજન જયોતિ સ્વરૂપ આધ શિવશકિત અને છેવટે રામદેપીરની અવતાર પૂજા સુધી મહામાર્ગની ઘટા ફેલાઈ છે.

મહામાર્ગને માનનારા લોકોની સંખ્યા ઘણી છે. તેમાં જુદી જુદી કોમના અને જુદા જુદા ઈષ્ટદેવને માનતા લોકો છે. પણ આ સહુનું સામાન્ય લક્ષાણ પાટ પૂજા છે. જે લોકો પાટ પૂજાને માને તે બધા જ મહાધર્મી કે બીજ ધર્મો છે. પાટ પૂજાને માનનારાઓમાં અતીત (ગોસાઈ) નિમ્બાર્ક મતના વૈષ્ણવ સાધુઓ (મહામાગીઓ) હરીજનોના સાધુઓ તથા નાથ સંપ્રદાયના સાધુઓનો સમાવેશ થાય છે.''૨

મહાપંથનો ખુબ જ ફેલાવો થયો અનેક સંતો ભકતો ધ્વારા આ પંથનો પ્રચાર પ્રસાર થયો તેના અસંખ્ય અનુયાયીઓ હતા. અને આજે પણ છે. મહાપંથનો પ્રભાવ અનેક પંથમાં વિસ્તર્યો છે. મહાપંથના સંતો, ભકતો, મહંતો, ગુરૂઓ તેમજ અનુયાયી વર્ગ ચોકકસ પ્રકારના સિધ્ધાંતો સ્વીકારે છે. કેટલાક ખાસ પ્રકારના નિતિ નિયમો પાળે છે. જેમાં નિર્ગુણ ભકિત, પાટ ઉપાસના, ગુરૂ મહિમા, જતિ સતિ, ઘટમાં બ્રહમાંડના દર્શન અજયા જાપ, મરજીવાનો માર્ગ વગેરે.

મહાપંથનો ગુજરાતમાં ખુબ જ ફેલાવો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને ભરવાડ, ખાંટ, કોળી, રબારી, કુંભાર, વાણંદ, મેર, આહિર, કાઠી, સાધુ, હરિજન, ભંગી, ખોજા વિગેરે આવી અનેક લોકજાતિમાં આજે પણ આ પંથ સચવાયેલો છે. આ પંથનું બહુધા સાહિત્ય કંકોપકંઠ ભજનોમાં સચવાતુ આવ્યુ છે. મહાપંથમાં દીક્ષિાત થયેલા સંત, કવિઓના ભજનોને 'વાણી' કે 'શબ્દ' કહેવામાં

આવે છે. વાણીના પાત્ર અનેક પ્રકાર જાણવા મળે છે. જેમ કે, આગમ, આરાધ, કટારી, પ્યાલો, રવેણી વગેરે ગુજરાતી ભકિત સાહિત્યમાં આ પંથના અનેક સંત-ભકત કવિઓએ યોગદાન આપ્યુ છે. જેમાં મુખ્ય છે અખૈયા, ઉગમશી, કતીબશા બાદશાહ, ખીમરો કોટવાળ, ગંગાસતી, જેસલ જાડેજા, ડાબીબાઈ, ઢાંગાભકત, તોરલ, દેવાયત પંડિત, લીરબાઈ, સમરસંગ, કાળલ ભગત, દેવીદાસ, અમરબાઈ, મુળદાસ, મેઘ કચરો, રૂબી રામદાસ, લખમો માળી, શીલદાસ, સરવણ કાપડી, હરજી ભાટી વગેરે નામી-અનામી ભકત કવિઓએ મહાપંથી ભજનવાણીની રચના કરી છે. જે આજે પણ લોકખ્યાત છે.

- **નાથપંથ:-**

નાથ પંથના મુળમાં શિવભકિત છે. તેના આરાધ્ય દેવ શિવ છે. નાથ પંથ શૈવપંથની જ એક શાખા છે. નાથ પંથના આધસ્થાપક શિવ છે. એવુ નાથપંથીઓ માને છે. અને નાથપંથનું ઉદભવ સ્થાન હિમાલય છે. નાથયોગીઓનું સાધના સ્થાન પણ હિમાલય છે. આ પંથના સાધુઓના નામને અંતે 'નાથ' શબ્દ પ્રયોજાય છે. નાથ એટલે ઈશ્વર, ભગવાન અને અહીં ભગવાન શિવના માટે અભિપ્રેત હોવાનું જણાય છે. બહુ પ્રાચિનકાળમાં આ પંથ 'સિધ્ધમત' ના નામે ઓળખાતો હતો. તેથી તેના ગ્રંથો સિધ્ધાંત ગ્રંથ તરીકે ઓળખાય છે. નાથયોગીઓમાં ગોરખ પહેલા નવનાથ થયા કહેવાય છે. પરંતુ નાથ પંથનો સૌથી વધુ વિકાસ ગોરખથી થયો છે. ગોરખનાથ પહેલાના આઠ નાથોમાં આદિનાથ, નાગાર્જુન, દતાત્રેય, જડ ભરત, સહસ્ત્રાર્જુન, દેવદત, જલંધરનાથ, મત્સ્યેન્દ્રનાથ અને નવમાં ગોરખનાથ થયા.

નાથપંથમાં સંસાર છોડી સાધુ વેશે શિવની આરાધના કરવાની હોય છે. આ સાધુઓ ત્યાગી, વૈરાગી અને બ્રહમચારી હોય છે. આ પંથમાં અપરિગ્રહ આવશ્યક છે. આ પંથના સાધુઓ કઠોર તપ, સાધના અને કશાની પણ પરવા કયર્ા વગર શિવની ઉપાસના કરતા હોય છે. આ ઉપરાંત સંસારીઓથી અળગા રહેવુ, ડુંગરા ઉપર કે જંગલમાં વસવુ વગેરે તેના નિતિ નિયમો છે. આ સાધુઓ ભેખ ધારણ કરે છે. જટા ધારણ કરે છે. અને ભિક્ષાાવૃતિથી સંતોષ્ા માને છે. નાથ પંથના આરાધ્ય દેવ શિવ છે. શિવની ભકિત કરવાનું સૌથી મોટુ સાધન નાભિયોગ છે. નાથ પંથના ગુરૂ ગોરખનાથ બ્રમ્હ તથા જગત સબંધી વિચારો વેદાંત તેમજ અદ્વૈતવાદ અનુસાર જ છે. ડો.નવીનચંદ્ર આચાર્યના મતે

"નવમી કે દશમી સતાબ્દીમાં નેપાળના વિસ્તારોમાં શૈવ અને બૌધ્ધ સાધનાઓના સંમિશ્રણથી નાથપંથી યોગીઓનો એક સંપ્રદાય જાગૃત થયો નેપાળમાં આદિ બુધ્ધની પુજા પ્રચલિત બની એના પાયામાં પણ નાથપંથી ભાવના માની શકાય. નાથપંથીઓના નવનાથ ના આદિનાથની જે કલ્પના છે તે આદિબુધ્ધની ભાવનાને પોષક છે.લોકોની રગે રગમાં જે અજ્ઞાન છે અને મંત્ર તંત્રના બળથી નવુ રૂપ આપી નિરંજન નિરાકારની આરાધના સ્થાપવા નાથપંથ મથ્યો છે. પરમની પ્રાપ્તિમાં નાથપંથ નિર્ગુણ ભકિતનું આરાધના ઈષ્ટ ગણાય છે. યોગની ચરમ કોટીનું દર્શન નાથ યોગીઓ કરવા મથ્યા છે. એના માટેની પરિભાષા ઇંગલા પીંગલા, સુષુમણા, કુંડલીની જેવા શબ્દો મળે છે. શૂન્ય શિખર જેવા પ્રતિરૂપો પણ નાથવાણીમાં પ્રયોજાય છે."૩

નાથપંથ ઘણો પ્રાચિન પંથ છે. આ બધુ હિંદુ ધર્મમાં પણ એક યા બીજા સ્વરૂપે સમિલીત થયુ છે. નામ જપનો મહિમા મહાયાનની દેન છે. ભકિતવાદના મૂળ આ સંપ્રદાયની ભાવના પર નિર્ભર છે. ૮૪ સિધ્ધોની પરંપરાએ નાથપંથનો જ મત છે. નાથયોગીઓ યોગને ચતુર્વિધિ ગણે છે. એની પાછળ મનુષ્યમાં રહેલ ચાર ચંચળતાઓને એક કે બીજી રીતે વશ કરવાની સાધના છે. આ ચાર તત્વો છે વાણી, પ્રાણ, બુંદ અને મન મંત્રયોગથી વાણી, હઠયોગથી પ્રાણ, લયયોગથી બુંદ અને રાજયોગથી મન વશ થાય છે. આ ચારેય વશ થતા યોગી અપાર શાંતિ અનુભવે છે.

- **વૈષ્ણવ સંપ્રદાય:-**

વિષ્ણુની ઉપાસના કરનારાઓ વૈષ્ણવો તરીકે ઓળખાવા લાગ્યા તેમાંથી વૈષ્ણવ સંપ્રદાયની શરૂઆત થઈ વૈષ્ણવ સંપ્રદાયના પાયામાં વિષ્ણુની ભકિત રહેલી છે. વિષ્ણુ શબ્દ સંસ્કૃત ધાતુના વિષ એટલે કે પ્રવેશવુ પરથી બન્યો છે. જગતમાં પ્રવેશીને પ્રકાશતુ પરમાત્માનું સ્વરૂપ તે વિષ્ણુ. વૈષ્ણવ સંપ્રદાયમાં ભકિત જ પ્રભુ પ્રાપ્તિનું સાધન મનાય છે. વિષ્ણુ ભકિતનું મુળ વેદમાં છે તેવુ માનવામાં આવે છે. ઋગવેદમાં વિષ્ણુનું સુર્યના એક સ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાય ભાગવત સંપ્રદાય તરીકે ઓળખાય છે. શ્રીકૃષ્ણ ભગવત ગિતામાં પ્રબોધેલા ભકિતમાં થી આ સંપ્રદાયનો પ્રારંભ થયો હોવાનું કહેવાય છે. આ સંપ્રદાયમાં શ્રીકૃષ્ણને ભગવાન તરીકે પુજાય છે.

આ સંપ્રદાયમાં એક જ ઈશ્વરની કલ્પના કરેલી છે. શરૂઆતમાં વિષ્ણુ મુખ્ય આરાધ્ય દેવ હતા. પછીથી કૃષ્ણ વિષ્ણુના અવતાર તરીકે પુજાવા લાગે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાનની ભકિત કેન્દ્ર સ્થાને છે. અને પ્રેમલક્ષાણા ભકિતનો પ્રબળ ભાવ પણ છે. આ સંપ્રદાયમાં એવી માન્યતા છે કે

જો તમે તમારૂ સ્ર્વસ્વ ભગવાનના શરણે ધરી દયો તો ભગવાન તમને મદદ કયર્ા વગર રહેશે જ નહી. અનેક સંતો અને ભકતો ને આ પ્રકારની મદદ મળી હોવાનું કથા પ્રચલિત છે. આ સંપ્રદાયમાં ગુઢ તત્વજ્ઞાન કે કોઈ અટપટી વિધિ વિધાન ન હોવાથી અભણ અને ઓછુ ભણેલુ વ્યકિત પણ સરળતાથી અપનાવે છે. કેવળ શુધ્ધ ભકિત પરમાત્માને પામવા માટેનું સાધન છે. વૈષ્ણવ સંપ્રદાયમાં જ્ઞાન કે કર્મ કરતા પ્રેમભાવને વધારે મહત્વ આપવામાં આવેલ છે. ભકિતના નવ પ્રકારોમાં આત્મ નિવેદન આ સંપ્રદાયમાં ઘણો જ પ્રચલિત થયેલો છે. આત્મ નિવેદન એટલે ભગવાનના શરણે સર્વસ્વ સોંપી દઈને આખુ જિવન ભકિતમાં ગાળવુ.

- **રવિભાણ સંપ્રદાયઃ-**

રવિભાણ સંપ્રદાયનું ઉદભવ સ્થાન ગુજરાત છે અને ફેલાવો પણ ગુજરાતમાં જ થયેલો છે કબીર વિચારધારાના પરંપરામાં આંબો છઠો (ષ્ાષ્ટમદાસ)ના શિષ્ય ભાણ સાહેબથી આ સંપ્રદાય શરૂ થયો. કબીર વિચારધારાથી પ્રભાવિત થઈને ભાણ સાહેબ ૪૦ શિષ્યની ફોજ સાથે આ સંપ્રદાયનો પ્રચાર, પ્રસાર કર્યો આ ભાણ સાહેબની શિષ્ય ફોજમાં રવિ સાહેબ પણ હતા. ત્યારથી શરૂ કરીને આજ દિન સુધીમાં આ સંપ્રદાયનો સમગ્ર ગુજરાતમાં ખુબ જ ફેલાવો થયો. અનેક પ્રતિભાવંત સંતો, ભકતો થયા. જેમાં ભાણ સાહેબ અને રવિ સાહેબ પછી ખીમ સાહેબ, ગંગ સાહેબ, લાલ સાહેબ, મોરાર સાહેબ, પુરુષોતમ દાસ, ચરણદાસ, દાસી જીવણ આ સંતો, ભકતોના પદો, ભજનો મધ્યકાલીન ભકિતના સાહિત્યનો મહામુલો વારસો છે. આ સંપ્રદાયમાં બહોળા અનુયાયી વર્ગ છે. અને આ સંતો, ભકતોની વાણી અને વિચારધારાને જિવનમાં ઉતારી બેઠા છે. આ સંપ્રદાયની ગુજરાતમાં અનેક જગ્યાઓ છે મંદિરો અને સ્થાનકો છે.

રવિભાણ સંપ્રદાયના તેના અનુયાયીઓ સહજ આરાધના અને પુજા વિધિમાં માને છે. જેમાં નિર્ગુણ ભકિત સહજયોગ, સદગુરૂકૃપા, પ્રેમ સાધના, વસ્તી ચેતાવી, સંસારી સાધકો, સાહેબ પરંપરા, જયોત ઉપાસના, મૃત્યુ જપ વિગેરે રવિભાણ સંપ્રદાયના આગવા લક્ષાણો છે. ગુજરાતમાં રવિભાણ સંપ્રદાયની ભાણ સાહેબથી દાસીજિવણ સાહેબ સુધીના સંતોએ અંતરથી વિરકત બનીને તેમને જેવુ અને જેમ સુજયુ તેવુ અને તુમ ગાયુ છે. તેમની વાણીમાં શાસ્ત્રોકત વિધતાનો અભાવ હશે. પણ અંતરથી પ્રેરણા અને નિજ આધ્યાત્િમક અનુભવને બળે તળપદી વાણીમાં અનેક ઉપમાં રૂપક

દ્રષ્ટાંત પ્રયોજીને તેમને જ્ઞાન, ભકિત વૈરાગ્ય, જિવ જગત માયા, પ્રભુ મિલન, પ્રભુ વિરહ, અગમ નિગમ, ગુરૂ મહિમા વગેરેનું હદયસ્પર્શી નિરૂપણ કર્યું છે.

- **સ્વામીનારાયણ સંપ્રદાય:-**

આવી વિકટ પરિસ્થિતિમાં પ્રજાને કોઇ યોગ્ય, સાચા અને પધ્ધતિસરના નિતિમાન ઉચ્ચ ગુણ વાળા સંપ્રદાયની જરૂર પડવા લાગી પ્રજાને ભુલાઇ ગયેલા ધર્મની યાદ અપાવે અર્ધમીઓને નાકચુળમાંથી છોડાવી અને ભકિતનો સાચો માર્ગ બતાવે તેવા વૈરાગ્ય સાધુઓની આવશ્યકતા હતી. આ ખોટ સ્વામી નારાયણ સંપ્રદાયએ પુરી કરી. ઉતર હિન્દુસ્તાનમાં જન્મેલા રામાનંદ સદગુરૂની શોધમાં સોરઠમાં આવે છે. અને સ્વામી નારાયણ સંપ્રદાયની સ્થાપના કરે છે. પરંતુ તે સંપ્રદાયના પ્રચાર સાંપ્રદાયિક સાહિત્યના વિકાસ સંપ્રદાયને વ્યવસ્થિત કરવાનો ખુબ કઠોર પરિશ્રમ સહજાનંદ સ્વામીએ કર્યો છે. તેથી સહજાનંદ સ્વામી આ સંપ્રદાયમાં સ્વામી નારાયણ ભગવાન કે શ્રીજી તરીકે પુજાય છે. આ વિશે વધુ વાત કરતા અનંતરાય રાવળ નોંધે છે કે

''સ્વામીનારાયણ સંપ્રદાય એ વૈષ્ણવી ભકિત સંપ્રદાય છે તેના સ્થાપક શ્રી સ્વામીનારાયણના નામથી ઓળખાય છે શ્રી સ્વામીનારાયણ એટલે શ્રી સહજાનંદ સ્વામી અયોધ્યા પાસેના છપૈયા ગામમાં બ્રાહમણના ઘરે જન્મેલા ઘનશ્યામ બાર વર્ષની ઉમંરે ઘર છોડી તપસ્ચર્યા અને યોગ સાધના કરતા કરતા દેશમાં નીલકંઠ બ્રહમચારી તરીકે સાત વર્ષ પરિભ્રમણ કરી ઈ.સ.૧૮૦૦ના વર્ષમાં સૌરાષ્ટ્રમાં આવી, માંગરોળ પાસેના લોજમાં ઉધ્ધવના અવતાર મનાતા સ્વામી રામાનંદની પાસે ઉધ્ધવ સંપ્રદાયની દીક્ષા લઈ સ્વામી સહજાનંદ બન્યા''૪

આ સંપ્રદાયમાં રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય બંનેમાંથી થોડુ થોડુ લીધુ છે. રામાનુજાચાર્યના સંપ્રદાયમાંથી વિશિષ્ટાધૈતના તત્વજ્ઞાનનો સ્વીકાર કર્યો છે. તો ભકિત અને સેવાની પધ્ધતિ શ્રી વલ્લભાચાર્યની સ્વીકારી છે.

સ્વામી નારાયણ સંપ્રદાયે પુષ્ટિ માર્ગનો વિલાસ ત્યજી સંયમનો ઉપદેશ સ્વીકાર્યો, પક્ષોને અહિંસક સ્વરૂપ આપ્યુ, વ્યસન મુકિતની સફળ ઝુંબેશ ચલાવી, કાકી કોળી જેવા નીચલા સ્તરના લોકોને જીવનના સાચા રાહ પર લાવ્યા. દિકરીઓને દુધ પીતી કરવાનો રિવાજ બંધ કરાવ્યો. સતી થવાના રિવાજને તેમણે સંમતિ ન આપી અને પવિત્ર વૈધવ્ય ભકિતમય જિવનધારા ગાળવાનો બોધ આપ્યો. ફટાણા અને અશ્લીલ ગીતો ગવાતા બંધ કરાવ્યા. અને દેવ દેવીની અંધશ્રધ્ધામાંથી સમાજને

બહાર કાઢયો. તેમના સમાજ હિતકારક કાર્યો જ સમાજ સુધારક અને ધર્મ પ્રવર્તક તરીકે લોક હૈયામાં અદભુત અને આદરભર્યું સ્થાન અપાવ્યુ છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ ગુજરાતી સાહિત્યમાં એક અનોખી છાપ ઉપસાવે છે. ગોપાલાનંદ, નિત્યાનંદ, શુકાનંદ, વાસુદેવાનંદ જેવા સાધુઓએ સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. તો મુકતાનંદ, બ્રહમાનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદ, દેવાનંદ અને મુંજ કેશાનંદ વગેરેએ ગુજરાતીમાં હજાર પદો લખ્યા છે. શ્રીજી એટલે સહજાનંદ સ્વામીએ પણ સંપ્રદાયના સાધુ-કવિઓની કવિતાનો વિષય બન્યા છે. સહજાનંદ સ્વામીની જુદા જુદા સ્થળોએ અને પ્રસંગોએ કરેલી જ્ઞાનવાર્તા અને ઉપદેશની નોંધને સંપાદિત કરી 'વચનામૃત' ગ્રંથ તૈયાર કર્યા છે. આ ભકત કવિઓમાં તેમની લાગણીઓ, ભાવનાઓ અને ઉર્મિઓના રંગે રંગાયેલી કવિતામાં ઉચ્ચ પ્રકારનું કવિત્વ છે.

- **સૂફિ સંપ્રદાય:-**

સૂફિ મત એ ઈસ્લામની વિચાર સરણી ધરાવતો એક સ્વતંત્ર મત છે. તેનુ મૂળ નામ તસવ્વુફ છે. આ સંપ્રદાયનો ફેલાવો ખાસ કરીને મુસ્લિમ દેશોમાં સવિશેષ થયેલો છે. ઈસ્લામ ધર્મની સ્થાપના પછી થોડો સમય બાદ એના અનુયાયીઓમાં સાંસારીક વૈભવ તરફ અભિપ્સા એટલી પ્રબળ થઈ કે કેટલાક લોકોએ ધર્મના આધ્યાત્મિક સ્વરૂપને સુરક્ષાિત રાખવા માટે એક નિશ્ચિત માર્ગ અપનાવવા ઉપર ભાર મૂકયો. સાંસારીક સુખ અને વૈભવ પોતાના માર્ગ આડે અવરોધ સમજી તેને ત્યાગી દઈ ધાર્મિક સિધ્ધાંતો કુરાન ના આદેશો તથા પોતાના અંતરની પ્રેરણાના આધાર ઉપર જ જિવન વ્યતિત કરવાનું વિશેષ પસંદ કર્યું તે લોકો સૂફી કહેવાયા. સૂફી શબ્દ અરબી 'સફા' પરથી આવ્યો હોય એમ માનવામાં આવે છે. જેનો અર્થ વિશુધ્ધ અથવા પવિત્ર થાય છે. 'સફા'નો બીજો અર્થ 'નિષ્કપટ ભાવ' પણ થાય છે. એક બીજા મત મુજબ 'સૂફી' 'સફ' માંથી આવ્યો માનવામાં આવે છે. જેનો અર્થ 'આગળની શ્રેણી' અથવા 'પ્રથમ પંકિત' પહેલી લાઈન થાય છે. એ રીતે સૂફી કેવળ એ જ વ્યકિતઓને કહેવામાં આવે છે કે જે 'કયામત'ના દિવસે ઈશ્વરના પ્રિય થવા માટે બધાથી આગળ ઉભા હોય, કેટલાક વિધાનોના મતે 'સૂફી' શબ્દ અરબી 'સૂફ' શબ્દ પરથી બન્યો છે જેનો અર્થ છે ઉન.અરબસ્તાનમાં ઉનના વસ્ત્રો સૌથી સસ્તા છે અને સાદા છે. આધ્યાત્મિકતામાં રત રહેનાર સંતો એજ વસ્ત્રો પહેરતા સાદગીપુર્ણ જિવન વ્યતીત કરવાવાળા ઈસાઈ સંતો પણ શરૂઆતમાં આવા વસ્ત્રો પહેરતા હતા. એટલે એમ કહી શકાય કે ઉન ક્ષોત્રમાં પ્રચલિત ઉનથી બનેલુ એ વિશેષ પ્રકારનું

વસ્ત્ર કદાચ સાધવી અને નિર્ધનતાની સાથે સાથે પવિત્રતાનું પણ પ્રતિક બની ગયુ હતુ. ઈશ્વરની ભકિતમાં રત રહેનાર ઈસ્લામી સંતોએ કદાચ આ પ્રકારનું વસ્ત્ર અપનાવી લીધુ. અને આ વસ્ત્રના કારણે જ તે સૂફી કહેવાયા. આ પ્રકારનું વસ્ત્ર જેમાં સાંસારીક સુખ અને ત્યાગનું પ્રતિક બની ગયુ. કેટલાક વિધ્વાનો સૂફીને દુનિયા તરફથી મુખ ફેરવી લીધેલા મહાન જ્ઞાની તરીકે ઓળખાયેલ છે. આ વિશે વિસ્તૃત વાત કરતા ડો. રાજેન્દ્રસિંહ રાયજાદા જણાવે છે કે,

'સૂફી સાધનાની ચાર અવસ્થા છે (૧) શરીઅત- શરીઅત એ મઝહબી કિતાબો અનુસારની કર્મકાંડ, તોહીદ, નમાઝ, રોઝા, હજ, જકાત વગેરે વિધિઓ છે. (૨) તરીકત-ફિક, ઝિક અને ઈબાદત મુખ્ય કાર્ય છે. તરીકત નો અર્થ થાય છે રસ્તો, રાહ કે પંથ (૩) મારિફત- મારિફત એટલે દિવ્યજ્ઞાન અલ્લાહ જેના પર ખુશ થાય તેન જ તે મળે છે. (૪) હકીકત- અહીં સાધક પોતાનો તમામ વ્યકિતત્વ પ્રેમ(અર્થાત હકક)માં ગુમાવી દે છે. હકક એટલે સતને નિહાળે છે. હકક ઉપર થી જ આ તબકકો હકીકત કહેવાય છે. આશિકનું માસુક સાથે મિલન થાય છે. સૂફીઓનો અનલ હકક એટલે વેદાંતનો મંત્ર 'બ્રહમાસ્મી'.

સૂફીઓ માને કે સાધકને આગળ વધવા માટે ચાર વસ્તુઓની જરૂર પડે છે. સદવચન, સત્કર્મ, સદાચાર અને સદવિવેક સાધકે એ વાતનું નિરંતર સ્મરણ રાખવુ જોઈએ જે કંઈ છે તે ઇશ્વરમાંથી જ ઉદભવયુ છે. બધુ લઈ પામી જશે ત્યારે ઈશ્વર જ બાકી રહેશે.

ઈશ્વર આપણને હંમેશા પોતાની તરફ આકર્ષે છે. આ આકર્ષણ આ શકિતથી અનુભવી શકાય નહી. ઈશ્વર પોતાની તરફ ખેંચે છે તે ક્રિયાને સૂફી 'ઈજિમલ' કહે છે. અને માનવીય ઈશ્વર તરફ જવાને આકાંક્ષા અથવા પ્રેમ કહે છે. જેથી સંસારથી વિરકત વધુ તેટલી ઈશ્વરની આકાંક્ષા વધુ આ દશામાં સાધક પ્રભુનો પ્રિયપાત્ર 'કિલ્લા' બની જાય છે. તે સૂફી સાધનાની પરમ અને ચરમ પરિણતી છે. પ્રભુનું સંપુર્ણ સમપર્ણ ''પ

મધ્યકાલીન ગુજરાતી ભકિત સાહિત્યમાં સૂફી ધારાને સંત, ભકત, કવિઓના સર્જન સ્વરૂપ ભજન છે. ભજનમાં તેઓ અલ્લાહ, ઈશ્વરની એક સાથે આરાધના કરે છે. અલ-ઈશ્વર એક છે એ વાતને વારંવાર દોહરાવીને હિન્દુ-મુસ્લિમ એકતાનો સંદેશ આપ્યો છે.

યુગો-યુગોથી ચાલ્યુ આવતુ માનવ ધર્મ અને તેની આધાર શિલાઓને જેટલી ઉંડે તપાસીએ તેટલા જ નવા તત્વો પ્રાપ્ત થાય છે. માનવ જિવનને ટકાવી રાખવા અને અસદ તત્વોને દુર કરી સદ તત્વોની સ્થાપના કરવા આવા અનેક ધર્મો, સંપ્રદાયો અને પંથોની સ્થાપના કરવામાં આવી છે. આ

ધર્મ સંપ્રદાયો અને પંથોમાં માનવ જિવનની એક નવી તરાહ, નવી દ્રષ્ટ્રી મળી છે. આ વિવિધ સંપ્રદાયો અને પંથો જેમ કે, શૈવ સંપ્રદાય, સાકત સંપ્રદાય, જૈન ધર્મ, વૈષ્ણવ સંપ્રદાય, મહાપંથ, નાથપંથ, સૂફી સંપ્રદાય વગેરેમાં માનવ જિવનનું સુઘળ, સુવ્યવસ્થિત જિવનના ઉપાયો તેમજ આ સંપ્રદાયો અને પંથોના અનુયાયીઓએ તેની વાણી અને જ્ઞાન વાર્તાલાપો ધ્વારા માનવજિવનને ધબકતુ અને પ્રાણવંતુ રાખ્યુ છે. આ સંપ્રદાયો અને પંથોનું માનવ જિવન સાહિત્ય અને ઈતિહાસમાં એક અનેરૂ કાર્ય રહયુ છે. જે ખુબ જ અવિસ્મરણીય છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

- **પાદટીપ:-**

(૧) સોરઠી ભક્તિ સાહિત્ય એક અધ્યયન-ડો. જીવરાજ પારધી-પૃષ્ઠ-૫

(૨) સત કેરી વાણી-મકરંદ દવે-પૃષ્ઠ-૪૧

(૩) ગુજરાતના ધર્મ સંપ્રદાયો-ડો.નવીનચંદ્ર આચાર્ય-પૃષ્ઠ-૪

(૪) ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન-અનંતરાય રાવળ-પૃષ્ઠ-૧૯૦

(૫) દર્શન અને ઇતિહાસ-ડો.રાજેન્દ્રસિંહ રાયજાદા-પૃષ્ઠ-૫૧

- **સંદર્ભગ્રંથો:-**

(૧) ગુજરાતના ધર્મ સંપ્રદાયો-ડો.નવીનચંદ્ર આચાર્ય

(૨) આપણી લોક સંસ્કૃતિ-જયમલ પરમાર

(૩) જૈન દર્શન-ઝવેરીલાલ કોઠારી

(૪) ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસ-ગુજરાતી સાહિત્ય પરિષ્◌ાદ

(૫) સત કેરી વાણી-મકરંદ દવે

(૬) આત્મ ચેતનાનું મહિયર-હિમાંશુ ભટ

(૭) સોરઠી સંતવાણી-ઝવેરચંદ મેઘાણી

(૮) દર્શન અને ઇતિહાસ-ડો. રાજેન્દ્રસિંહ રાયજાદા

VIDHYAYANA